જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૯/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૦૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૫૫ લીટર દેશી દારૂ, ૧૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૭ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૩૦૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૩૦૭/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ બલવીરસિંહ રામેશ્વરદાસ રતન (ઉ.વ.૬૪) (રહે.ઈશ્વરનગર સોસાયટી સરદાર પટેલ હાઈસ્કુલ પાસે મણીનગર) એ તા.૧૬/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૮/૨૦૨૬ થી તા.૧૩/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ બલવીરસિંહ રતનના ઓળખીતા વ્યક્તિનો મોબાઈલ ફોન હેક કરી તેમના મોબાઈલ નંબરનો ઉપયોગ કરી બલવીરસિંહ રતન નાઓને વોટ્સ એપમાં WEDDING INVITATION CARD.apk ફાઈલ મોકલતા .apk ફાઈલ ઉપર ક્લીક કરતા બલવીરસિંહ રતનના બેન્ક ખાતામાંથી અજાણી વ્યક્તિએ ઓનલાઈન ઈન્ટરનેટના માધ્યમથી અલગ–અલગ ટ્રાન્ઝેકશન દ્વારા કુલ રૂપિયા ૧૫,૪૫,૬૦૮/– ટ્રાન્સફર કરી લઈ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૩૦૮/૨૦૨૬**

ચાંદખેડાઃ ફુટપાથ ઉપર રહેતા સુરેન્દ્ર મહેન્દ્ર સાફી (ઉ.વ.૩૭) (મુળ વતન. ગામ–સુબેલ તા–જજારપુર જી–મધવની બિહાર) નાઓ તા.૧૫/૦૯/૨૦૨૬ રાતના ૦૯/૦૦ વાગ્યા પહેલા ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે ચાંદખેડા સ્વાગત સ્ટેટસ–૨ કોમ્પલેક્ષમા આવેલ દુકાન નંબર–૨૨ સામે બહાર લાગેલ દર્શન કારવોશના એલ.ઇ.ડી.બોર્ડને હાથ અડી જતા વિજ કરંટ લાગતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સતિષકુમાર ખુશાલભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી